# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*******************************************************

1) અમદાવાદની વિમાનની દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને 254 થયો.

2) અમદાવાદની વિમાનની દુર્ઘટનાની તપાસ માટે કેન્દ્ર સરકારે ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી.

3) વિમાનની દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોના ડી .એન.એ.નું ગાંધીનગર એફએસએલમાં ચાલી રહેલું પરિક્ષણ.

4) પ્રધાનમંત્રી આવતીકાલથી ચાર દિવસની ક્રોએશિયા, કેનેડાના પ્રવાસે .. કેનેડામાં જી-7 દેશોની સમિટમાં ભાગ લેશે.

5) અમેરિકાના ટેક્સાસમાં આવેલા પૂરને કારણે અગિયાર લોકોના મોત.

6) વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઇનલ મેચમાં દક્ષિણ આફ્રિકા વિજયની નજીક.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# DEATH TOLL RISE

અમદાવાદમાં થયેલા વિનાશક એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં મૃત્યુઆંક 254 પર પહોંચી ગયો છે. વિમાનમાં કુલ 242 લોકો સવાર હતા , જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, સાત પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિક તેમજ 12 ક્રૂ સભ્યો હતા. માત્ર એકનો વ્યક્તિનો બચાવ થયો હતો જે ભારતીય મૂળનો બ્રિટિશ નાગરિક છે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ મેહુલ શાહે ચાર મેડિકલ વિદ્યાર્થીઓ અને એક ડૉક્ટરની પત્નીના મૃત્યુની પુષ્ટિ કરી છે.

વિમાન દુર્ઘટનાનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોની એક ટીમે ઘટના સ્થળ પરથી વિમાનનું બ્લેક બોક્સ - જે ઔપચારિક રીતે ફ્લાઇટ ડેટા રેકોર્ડર તરીકે ઓળખાય છે - શોધી કાઢ્યું છે. ફોરેન્સિક નિષ્ણાતોએ પણ વિગતવાર તપાસ શરૂ કરી છે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે સ્થાનિક આરોગ્ય , પોલીસ અને સુરક્ષા ટીમો હાઇ એલર્ટ પર છે.

નજીકના રહેણાંક વિસ્તારમાંથી આઠ મૃતદેહોના તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. ડીએનએ પરીક્ષણ અને ઓળખમાં મદદ કરવા માટે મૃતકોના 250 સંબંધીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . .

# AI CRASH-COMMITTEE

અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયા ફ્લાઇટ AI-171 ના દુર્ઘટનાના કારણોની તપાસ માટે સરકારે એક ઉચ્ચ સ્તરીય બહુપક્ષીય સમિતિની રચના કરી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે , સમિતિ આવી ઘટનાઓને રોકવા અને નિયંત્રિત કરવા માટે જારી કરાયેલા હાલના માનક સંચાલન પ્રક્રિયાઓ (SOPs) અને માર્ગદર્શિકાઓની તપાસ કરશે . તે ભવિષ્યમાં આવા કિસ્સાઓનો સામનો કરવા માટે વ્યાપક માર્ગદર્શિકા પણ સૂચવશે.

તેમાં કહેવામાં આવ્યું કે , સમિતિ સંબંધિત સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવતી અન્ય પૂછપરછનો વિકલ્પ રહેશે નહીં , પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા અને નિયંત્રિત કરવા માટે માનક સંચાલન પ્રક્રિયાએ ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

. . . . . . . . . . . . . . .

# INVESTIGRATION PLANE

દુર્ઘટનાનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) ની એક ટીમે ઘટના સ્થળ પરથી વિમાનનું બ્લેક બોક્સ - જેને સામાન્ય રીતે ફ્લાઇટ ડેટા રેકોર્ડર તરીકે ઓળખવામાં આવે છે તે શોધી કાઢ્યું છે. ફોરેન્સિક નિષ્ણાતોએ પણ વિગતવાર તપાસ શરૂ કરી છે. અધિકારીઓ જણાવે છે કે, વ્યાપક ફોરેન્સિક અને ટેકનિકલ વિશ્લેષણ પછી અકસ્માતનું કારણ સ્પષ્ટ થશે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે સ્થાનિક આરોગ્ય , પોલીસ અને સુરક્ષા ટીમો એલર્ટ પર છે. પીડિતોના પરિવારો અને અસરગ્રસ્ત રહેવાસીઓને મદદ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . .

# HARSH SANGVI VISIT FSL

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ફોરેન્સિંક સાયન્સ લેબોરેટરી અને નેશનલ ફોરેન્સિંક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગરની મુલાકાત લીધી અને D.N.A. પરીક્ષણ પ્રક્રિયાની સમીક્ષા કરી . ગૃહ સચિવ, ઈન્ટેલિજનના બ્યુરોના IGP અને FSLના ડિરેક્ટર તેમની સાથે જોડાયા હતા. આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યું કે ગુજરાતના 36 અને ભારત સરકારના પણ FSLના નિષ્ણાંતો આ કાર્યમાં સહયોગ આપી રહ્યા છે.

## (બાઇટ હર્ષ સંઘવી )

ત્યારબાદ હર્ષ સંઘવી વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. ગૃહ વિભાગના સચિવ, રાજ્યના પોલીસ વડા , અમદાવાદ પોલીસ કમિશનર તેમજ આઇબીના આઇજીપી પણ આ વિમાન દુર્ઘટના સ્થળ ની મુલાકાતમાં જોડા યા હતા.

. . . . . . . . . . . . . . .

# MALLIKARJUN KHARGE

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આજે સાંજે અમદાવાદ પહોંચી વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપશે. તેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઇજાગ્રસ્તો અને શોકગ્રસ્ત પરિવારોને મળશે અને વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . .

# PM VISIT

સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સના આમંત્રણ પર , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સાયપ્રસની સત્તાવાર મુલાકાત લેશે. બે દાયકાથી વધુ સમયમાં ભારતીય પ્રધાનમંત્રીની સાયપ્રસની આ પહેલી મુલાકાત હશે. નિકોસિયામાં, પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપ્રમુખ ક્રિસ્ટોડોલિડ્સ સાથે વાતચીત કરશે અને લિમાસોલમાં વ્યાપારી નેતાઓને સંબોધિત કરશે.

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીના આમંત્રણ પર , શ્રી મોદી 16 જૂને G-7 સમિટમાં ભાગ લેવા માટે કેનેડાના કનાનાસ્કિસ જશે. G-7 સમિટમાં પ્રધાનમંત્રીની આ સતત છઠ્ઠી ભાગીદારી હશે. સમિટમાં , પ્રધાનમંત્રી G-7 દેશોના નેતાઓ, અન્ય આમંત્રિત આઉટરીચ દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓ સાથે ઊર્જા સુરક્ષા, ટેકનોલોજી અને નવીનતા , ખાસ કરીને કુત્રિમ, બુધ્ધિમત્તા, ઊર્જા જોડાણ સંબંધિત મુદ્દાઓ સહિત મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. પ્રધાનમંત્રી સમિટ દરમિયાન અનેક દ્વિપક્ષીય બેઠકો પણ યોજશે.

તેમના પ્રવાસના અંતિમ તબક્કામાં , પ્રધાનમંત્રી મોદી 18 જૂને ક્રોએશિયાની સત્તાવાર મુલાકાત લેશે. આ કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા ક્રોએશિયાની પ્રથમ મુલાકાત હશે, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. પ્રધાનમંત્રી તેમના ક્રોએશિયન સમકક્ષ આન્દ્રેજ પ્લેનકોવિક સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે અને ક્રોએશિયાના રાષ્ટ્રપ્રમુખ, જોરાન મિલાનોવિકને મળશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચા ર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NIA-INVESTIGATION

પ્રતિબંધિત સંગઠન હિઝબુત-તહરિર- HUT સાથે જોડાયેલા આતંકવાદી ષડયંત્રના કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આજે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. NIA એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, HUT અને તેના સભ્યોની પ્રવૃત્તિઓની તપાસના ભાગ રૂપે ભોપાલમાં ત્રણ અને ઝાલાવાડમાં બે સ્થળોએ સઘન દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન , NIA ટીમોએ ઘણા ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# US- FLOODS

અમેરિકાના ટેક્સાસના સાન એન્ટોનિયોમાં અચાનક આવેલા પૂરને કારણે ઓછામાં ઓછા 11 લોકોના મોત થયા છે અને ઘણા લોકો હજુ પણ ગુમ છે. બુધવાર અને ગુરુવારે આવેલા ભારે વાવાઝોડાને કારણે કાર રસ્તાઓ પરથી તણાઈ ગઈ હતી.

ફાયર વિભાગે જણાવ્યું હતું કે બચાવ ટીમો પૂરમાં ગુમ થયેલા ઓછામાં ઓછા ચાર લોકોને શોધી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધી શકે છે અને તેમના શોધ અને બચાવ પ્રયાસોમાં ઘણા દિવસો લાગશે. ફાયર વિભાગે વધારાની મદદ અને બચાવ દળોની માંગણી કરી છે.

. . . . . . . . . . . . . . .

# LOS ANGELES-US NAVY

અમેરિકાના બીજા સૌથી મોટા શહેર લોસ એન્જલસમાં ફેડરલ બિલ્ડિંગની સુરક્ષા માટે લગભગ 200 અમેરિકાના મરીન સૈનિકો તૈનાત કરવામાં આવ્યા છે. સેનાએ ગઈકાલે જણાવ્યું હતું કે, વર્તમાન વહીવટીતંત્રના ઇમિગ્રેશન દરોડા સામે શહેરમાં એક અઠવાડિયાના વિરોધ પ્રદર્શન બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યુસમ અને અન્ય સ્થાનિક અધિકારીઓના વાંધાઓ છતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 4 હજારથી વધુ નેશનલ ગાર્ડ અને લગભગ 700 મરીનને પ્રદેશમાં મોકલવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . . .

# CRICKET

ક્રિકેટમાં, દક્ષિણ આફ્રિકા 2025 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઇનલમાં લંડનના લોર્ડ્સ ખાતે ઓસ્ટ્રેલિયા સામે ત્રીજા દિવસની રમતમાં વિજયની નજીક પહોંચી ગયું. ત્રીજા દિવસની રમતના અંતે , દક્ષિણ આફ્રિકાએ 282 રનના લક્ષ્યનો પીછો કરતા 2 વિકેટે 213 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# AMERICA-ISRAEL-IRAN

અમેરિકન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને નૌકાદળના વિનાશકોએ ઇઝરાયલ પર ઇરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઇલોને તોડી પાડવામાં મદદ કરી છે. અમેરિકન મીડિયા અહેવાલો અનુસાર આ વાતની પુષ્ટિ થઈ છે. અમેરિકન અધિકારીઓને ટાંકીને, મીડિયાએ જણાવ્યું છે કે અમેરિકા હવે ઇઝરાયલને ઇરાની મિસાઇલો રોકવામાં મદદ કરી રહ્યું છે. દરમિયાન , ઇઝરાયલની કટોકટી સેવાઓ અનુસાર, તેલ અવીવના દક્ષિણમાં રિશોન લેઝિયનના રહેણાંક વિસ્તારમાં ઇરાની મિસાઇલ પડતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઈરાને બદલો લેવા માટે ઇઝરાયલ પર હુમલા કર્યા છે.

. . . . . . . . . . . . . . .